પ્રશ્ન-૨ બિંદીયા કંપનીએ ૨૦,૦૦૦ ઇક્વીટી શેર રૂા. ૧૦ નો એક એવા શેરદીઠ રૂા. ૨ ના પ્રિમિયમે બહાર પાડ્યા. કંપનીએ નીચે પ્રમાણે હપ્તા મંગાવ્યા છે : [15]

| | |
|---|---|
| અરજી સાથે | શેરદીઠ રૂા. ૨ |
| મંજુરી સાથે (પ્રિમીયમ સહિત) | શેરદીઠ રૂા. ૫ |
| પહેલાં હપ્તા સાથે | શેરદીઠ રૂા. ૨ |
| બીજા હપ્તા સાથે | શેરદીઠ રૂા. 3 |

30,૦૦૦ શેર માટે અરજી આવી હતી. તેમાંથી ૨૪,૦૦૦ શેરની અરજી કરનારને ફાળે પડતાં શેર આપવામાં આવ્યા. જ્યારે બાકીની અરજી નામંજુર કરી. અરજી સાથે વધારે ભરાયેલાં નાણાં મજુરી વખતે લેણી થતી રકમ પેટે વાપરવામાં આવ્યા.

'અ' કે જેને ૮૦૦શેર મંજુર કરવામાં આવ્યા હતા તે મંજુરી સાથેના નાણાં ભરી શક્યો નહિ. 'બ' કે જેને ૧,૦૦૦ શેર આપવામાં આવ્યા હતા તે બે હપ્તા ભરી શક્યો નહીં. બીજો હપ્તો મંગાવ્યા પછી આ શેર જપ્ત કરવામાં આવ્યા. જપ્ત થયેલા બધા જ શેર 'એક્સ'ને શેરદીઠ રૂા. ૮ ના ભાવે પૂરા ભરાયેલા તરીકે વેચી દેવામાં આવ્યા. ઉપરના વ્યવહારો માટે જરૂરી આમનોંધ લખો.

પ્રશ્ન-3 (અ) નાંણાકીય પત્રકો એટલે શું ? નાણાંકીય પત્રકોના લક્ષણો જણાવો. [08]

પ્રશ્ન-3 (બ) નાણાંકીય પત્રકોની મર્યાદાઓની ચર્ચા કરો. [07]

અથવા

પ્રશ્ન-3 નીચેના પર ટૂંક નોંધ લખો :

(૧) સામાન્ય માપના પત્રકો [08]

(૨) નાણાંકીય પત્રકોના લક્ષણો [07]

પ્રશ્ન-૪ બાલમુકુંદ લિ. ની નીચે દર્શાવેલ માહિતી પરથી તા. ૩૧મી માર્ચ ૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું કંપની ધારાની પરિશિષ્ટ-૬ મુજબ તૈયાર કરો. [15]

| વિગત | રકમ રૂા. | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| પરચુરણ લેણદારો | ૧૧,૪૫,૦૦૦ | છુટા ઓજારો | ૫૦,૦૦૦ |
| પરચુરણ દેવાદારો | ૧૨,૨૫,૦૦૦ | સ્ટોર્સ | ૪,૦૦,૦૦૦ |
| મુદતી લોન (સ્ટોક ગીરો) | ૧૦,૦૦,૦૦૦ | સામાન્ય અનામત | ૨૦,૫૦,૦૦૦ |
| ડિરેક્ટરો પાસેથી લોન | ૨,૦૦,૦૦૦ | રોકાણો | ૨,૨૫,૨૦૦ |
| ધિરાણ | ૩,૭૨,૦૦૦ | કાયમી મિલકતો (ઘસારા બાદ) | ૫૧,૫૦,૦૦૦ |
| રોકડ અને બેંક | ૨,૭૫,૦૦૦ | તૈયાર માલ | ૭,૫૦,૦૦૦ |
| સ્ટાફ એડવાન્સ | ૫૫,૦૦૦ | ચાલુ મૂડી કામ | ૨,૦૦,૦૦૦ |
| કરવેરા જોગવાઇ | ૧,૭૦,૦૦૦ | નફા-નુકશાન ખાતુ (ઉધારા બાકી) | ૩,૦૦,૦૦૦ |
| શંકાસ્પદ લેણાં અંગે જોગવાઇ | ૨૦,૨૦૦ | પરચૂરણ ખર્ચા | ૫૮,૦૦૦ |
| જામીનગીરી પ્રિમિયમ | ૪,૭૫,૦૦૦ | ઇક્વીટી શેરમૂડી | ૩૦,૦૦,૦૦૦ |
| | | ૧૦%ની રીડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી | ૧૦,૦૦,૦૦૦ |

વધારાની માહિતી :

૧. સત્તાવાર મૂડીમાં સમાવેશ છે :
   (અ) ૩૦૦૦૦ ઇક્વીટી શેર રૂા. ૧૦૦ ના લેખે.
   (બ) ૧૦૦૦૦, ૧૦% ના રીડીમેબલ પ્રેફરન્સ શેર પ્રત્યેક રૂા. ૧૦૦ લેખે.
૨. કાયમી મિલકતો પર ઘસારો રૂા. ૫,૦૦,૦૦૦.

અથવા

પ્રશ્ન-૪ કંપની ધારા ૧૯૫૬ ના પરિશિષ્ઠ : ૬ મુજબ ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ પુરા થતાં વર્ષનું કાલ્પનિક આંકડાઓની મદદથી નફા-નુકશાન ખાતું તૈયાર કરો. તે માટેની જરૂરી નોંધો પણ આપો. [15]